વર્ષ : ૯૬, અંક: ૩૪૧
પાના : ૧૨+૮
કિંમત : ₹ ૪-૦૦
☎ ૨૪૪ ૪૬ ૧૧-૨-૩-૪
ફેકસ : (તંત્રી) ૦૨૮૧ ૨૪૭૯૪ ૪૪
(જા.ખ.) ૦૨૮૧ ૨૪૭ ૫૬ ૯૬
Email : phulchhabdaily@gmail.com

શતાબ્દી ભણી આગેકૂચ ૯૬ વર્ષ ૧૯૨૧-૨૦૧૭

// જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી //

# ફૂલછાબ

PHULCHHAB Dt. 14-9-2017 THURSDAY RAJKOT

website : phulchhab.janmabhoominewspapers.com સંવત: ૨૦૭૩, ભાદરવા વદ ૯, ગુરુવાર Reg. No. G.R.J.17, RNI No. 1690/57







# ભાઈચારા સાથે જોવા મળી ભાઈબંધી

## જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેનું અભૂતપૂર્વ સ્વાગત કરતા નરેન્દ્ર મોદી : પહેલીવાર બે વડાપ્રધાનનો ખુલ્લા વાહનમાં રોડ-શો



ઐતિહાસિક રોડ-શોમાં મેદનીનું અભિવાદન ઝીલતાં ભારત અને જાપાનનાં વડાપ્રધાન. (રમેશ દવે)

### આજે મહત્ત્વાકાંક્ષી બૂલેટ ટ્રેન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

(ફૂલછાબ ન્યૂઝ) અમદાવાદ, તા.૧૩: સામાન્ય રીતે ભારત અને જાપાનના મૈત્રી સંબંધોને ભાઈચારા તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે આજે જાપાનના વડાપ્રધાનના સ્વાગત વખતે બન્ને દેશના વડાપ્રધાનો વચ્ચે ભાઈબંધીના પણ દર્શન થયા હતાં. જાપાનનાં વડાપ્રધાન શિન્ઝો આબે આજે બે દિવસનાં ગુજરાતનાં ઐતિહાસિક પ્રવાસે આવી પહોંચ્યા હતાં. અમદાવાદ એરપોર્ટ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભેટીને તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બન્ને નેતાઓએ એરપોર્ટથી ગાંધીઆશ્રમ સુધી અભૂતપૂર્વ સુરક્ષાઘેરા વચ્ચે ૮ કિ.મી.નો શાનદાર અને છટાદાર રોડ-શો યોજ્યો હતો. જેમાં પહેલીવાર બે રાષ્ટ્રનાં વડાએ ખુલ્લી જીપમાં હજારોની મેદનીનું અભિવાદન ઝીલ્યું હતું અને માર્ગમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી નિહાળી હતી. રોડ-શો દરમિયાન આબે અને તેમના પત્ની ભારતીય વસ્ત્ર પરિધાનમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. દુલ્હનની જેમ શણગારેલા અમદાવાદમાં મોદી અને આબેની ઝલક જોવા માટે હજારો શહેરીજનો ઉત્સાહભેર ઉમટી પડ્યા હતાં. ત્યારબાદ મોદીએ આબેને રિવરફ્રન્ટનો અદ્દભૂત નજારો બતાવ્યો હતો. સાબરમતી આશ્રમ ખાતે આબેએ તેમનાં પત્ની સાથે મહાત્મા ગાંધીજીને અંજલિ અર્પણ કરી હતી અને વડાપ્રધાન મોદીએ પોતે તેમને આ સ્થળનાં ઐતિહાસિક તથ્યોની જાણકારી આપી હતી. ત્યાંથી બન્ને વડાપ્રધાનો સીદી સૈયદની ઐતિહાસિક અને અલભ્ય જાળી નિહાળવા પહોંચ્યા હતાં. આ તકે વડાપ્રધાન બન્યા બાદ મોદીએ પણ પહેલીવાર મસ્જિદની મુલાકાત લીધી હતી. આ ભરચક્ક કાર્યક્રમો પૂરા કર્યા બાદ હોટેલ અગાશીએમાં પરંપરાગત ગુજરાતી અને જાપાની ભાણાની લહેજત સાથે માણી હતી. હવે આવતીકાલે મોદી અને આબે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરશે.

વિસ્તૃત અહેવાલ પાનું 06

**૩.૧૯ કલાકે**
શિન્ઝો આબેનાં સ્વાગત માટે નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા

**૩.૩૦ કલાકે**
આબેનું આગમન, મોદીએ સ્વાગત કર્યુ

**૪.૧૦ કલાકે**
અભૂતપૂર્વ અને શાનદાર રોડ-શોનો આરંભ

**૪.૩૮ કલાકે**
રિવરફ્રન્ટનો નજારો માણ્યો

**૪.૪૫ કલાકે**
સાબરમતી આશ્રમની મુલાકાતે પહોંચ્યા

**૬.૧૫ કલાકે**
સીદી સૈયદ મસ્જિદની મુલાકાત

## ભારતમાં બુલેટ ટ્રેનમાં જાપાનનો ફાયદો જોઇ ચીન પણ લલચાયું

### ચીને હાઇસ્પીડ ટ્રેન પરિયોજનાઓમાં રોકાણના પ્રયાસો આરંભ્યા

નવી દિલ્હી, તા. ૧૩ : બુલેટ ટ્રેનમાં જાપાનનો ફાયદો જોઈને હવે ચીન પણ લલચાઈ ગયું છે. ચીને પણ ભારતમાં 'હાઈસ્પીડ' ટ્રેન પરિયોજનામાં કામ લેવાના પ્રયાસો શરૂ કર્યા છે. ઉલ્લેખનીય છે કે આવતીકાલે જાપાનના વડાપ્રધાન શિન્જો એબે હાઈસ્પીડ ટ્રેન પરિયોજનાનું ખાતમુહૂર્ત કરશે.

ચીન ભારતમાં બે હાઈસ્પીડ ટ્રેન યોજનાનો અભ્યાસ કરી ચૂક્યું છે. ચીનનું કહેવું છે કે તે આ પ્રકારની (જુઓ પાનું ૧૦)

## બ્રિટનમાં દાઉદની કરોડોની મિલકતની જપ્તીની શરૂઆત

લંડન, તા. ૧૩ : અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ મામલે ભારતને વધુ એક સફળતા મળી છે. બ્રિટનની સરકારે દાઉદની કરોડોની મિલકતોને જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. દાઉદ ઈબ્રાહિમ પાસે વોરવિકશાયરમાં એક હોટલ અને કેટલાંય મકાન છે જેની કિંમત (જુઓ પાનું ૧૦)

### પાબ્લો એસ્કોબાર પછી દાઉદ બીજો સૌથી ધનિક ગુનેગાર

યુકેના અખબાર 'મિરર'ના અહેવાલ મુજબ, મુંબઈના ૯૩ના ધડાકાઓના કેસ સબબ (જુઓ પાનું ૧૦)

**આજે ધર્મભૂમિ પૂર્તિ**

### હવામાન

| તાપમાન | હવામાં ભેજ |
|---|---|
| ગુરુતમ - 34.4 ડિગ્રી | સવારે - 86% |
| લઘુતમ - 26.3 ડિગ્રી | સાંજે - 67% |


ADMISSION FOR 2017
SANSKRUTI SANRAKSHA CHARITABLE TRUST
AMRAPALI TOWNSHIP, PETLAD-KHAMBHAT ROAD, DHARMAJ-388430, TA. PETLAD, DIST. ANAND.
INDUBHAI PATEL COLLEGE OF PHARMACY & RESEARCH CENTER, DHARMAJ
B.PHARM PHARM D. (VQ)
LATE SMT. S. G. PATEL INSTITUTE OF PHYSIOTHERAPY, DHARMAJ
BPT (B. PHYSIOTHERAPY)
MO. 9427364995, 9429166753, 8200257714




